**વન્ય સફર**

**- આરીફ મલેક**

# પ્રાણીના પગના કદની છાપના આધારે ઉંમર અને જાતિ નક્કી કરી શકાય છે

વન્યપ્રાણીની વસ્તી ગણતરીમાં વન્ય પ્રાણીના પદચિન્હો મહત્વનો આધાર બની જાય છે. વન્ય સ્ટાફ ગણતરી કરવા નીકળે તો તે જંગલમાં પ્રાણીઓના પગના નિશાન તપાસી લે છે અને એ વન્ય પ્રાણીના પદચિન્હોના લક્ષણોથી પ્રાણીની ચોક્કસ ઓળખ મેળવી શકે છે.

દરેક પ્રાણીના પગલાની આકૃતિના આધારે કયુ પ્રાણી છે તેની જાત નક્કી થઈ શકે છે. એક જ પ્રકારના પ્રાણીઓની પગલાંની આકૃતિ-ભાત સરખી દેખાય છે.

પ્રાણીના પગલાના કદના આધારે પ્રાણીની ઉંમર અને જાતિ નક્કી કરવામાં મદદરૂપ નીવડે છે. પ્રાણી વયસ્ક, પુક્ત, યુવા કે બચ્ચુ છે અને તે નર છે કે માદા છે. પગના કદ અને આંગળા-ગાદી વચ્ચેના અંતરના અને આકાર આધારે નક્કી થઈ શકે છે. પગલાં મુખ્યત્વે બે પ્રકારના હોય છે.

(૧) નહોરવાળા પંજા એમાં પણ બે પ્રકાર જોવા મળે છે. (અ) નખ અંદર જાય તેવા : બિલાડી કુળના ચિત્તા સિવાયના પ્રાણીઓની ચાર આંગળીઓની સ્પષ્ટ છાપ ગાદી અને નખના નિશાન વગરના પદચિન્હ હોય છે. દા.ત. સિંહ, વાઘ, દીપડો.

(બ) નખ (નહોર) અંદર ન જાય તેવા : કૂતરા કુળના પ્રાણીઓના પદચિન્હોમાં નખના નિશાન અલગ જોઈ શકાય. દા.ત. શિયાળ, વરૂ, જંગલી કૂતરા, ઝરખ, રીંછ વગેરે.



(૨) ખરીવાળા પદચિન્હો :- એક જ ભાગ ખરીવાળામાં ઘોડા, ઘુડખર વગેરેનો સમાવેશ થાય છે. જયારે ખરીના બે ભાગવાળામાં હરણકુળ અને મૃગકુળના પ્રાણીનો સમાવેશ થાય છે.

હાથી અને ગેંડા જેવા પ્રાણીઓના પદચિન્હો સામાન્ય માણસ પણ સરળતાથી ઓળખી શકે છે.

આમ ગણતરીમાં જોડાયેલા લોકો-પગના નિશાનને મહત્ત્વનો આધાર લઈ તે નિશાનના આધારે કયુ પ્રાણી આ વિસ્તારમાં છે અને કેટલી સંખ્યામાં છે તે જાણી શકાય છે.

વન્ય અધિકારીઓ પગલાની આકૃતિ તથા ચાલવાની ખાસીયતથી પ્રાણીની ઓળખ પ્રસ્થાપિત કરી શકે છે.

ગણતરીમાં જોડાયેલ સ્ટાફ વન્ય પ્રાણીના પગલા રસ્તાઓ, કેડીઓ, પ્રાણીઓને ચાલવાના રસ્તાઓ પાણી, જે સ્થળે હોય તે સ્થળ એટલે કે નદી નાળાઓના પટમાં શોધે છે.

વન્ય પ્રાણીઓની ગણતરી વખતે ગણતરીમાં જોડાયેલ સ્ટાફ ઘણી વખત રેવન્યુ વિસ્તારમાં જે તે ગામ હોય તે ગામના લોકો પાસેથી મહત્ત્વની માહિતી ભેગી કરે છે. તમારા વિસ્તારમાં કયા કયા પ્રાણી આવે છે. તેની અંદાજીત સંખ્યા, તે કેટલા સમયથી આવે છે, તેમાં નર કેટલા હોઈ શકે, બચ્ચા કેટલા હશે, શું કોઈ પ્રાણીનું મોત નિહાળ્યું છે જેવી ઘણી માહિતી આ લોકો ભેગા કરતા હોય છે.

આ માહિતી ઘણી વખત ગણતરીમાં ખૂબ જ મહત્ત્વની બની જાય છે.

તાજેતરમાં દીપડાની હાથ ધરેલી ગણતરી વખતે એવી માહિતી બહાર આવી હતી કે ૪૪૫ દીપડા માનવ વસ્તીમાં રહેવા લાગ્યા છે. આ માહિતી પ્રજા પાસેથી મળી હતી.

## સ્વપરીક્ષણ

૧. કોઈએ આઘાત પહોંચાડ્યો હોય તેને યાદ કરીને ગુસ્સો આવે છે ?
૨. કોઈની સાથે નથી બનતું તેની મશ્કરી ઉડાવો છો ? તેના વિષે ખોટી વાતો ફેલાવો છો ?
૩. તમારી જાતને કયારેય પણ એવું કહો છો કે લોકોનાં સાથ-સહકાર તમારી સાથે છે અથવા આખો સમાજ તમારી વિરૂધ્ધ છે ?
૪. જેનું કોઈ કારણ નથી એવા દુખાવાઓ જેમ કે માથું, કમર, ગળું, પેટ તથા શરીરના અન્ય ભાગના દુખાવાથી તમે પીડાઓ છો ?
૫. દિવસ દરમ્યાન કોઈ સાથે મતભેદ થયો હોય, દલીલબાજી થઈ હોય, વાદ વિવાદ થયો હોય તો તેને યાદ કરતા રહો છો ?
૬. મિત્રો કયારેય પણ એવી ફરિયાદ કરે છે કે તમે ખૂબ જ લાગણી પ્રધાન છો ?
૭. તમને દુઃખ પહોંચાડ્યું હોય તેવી વ્યકિત પ્રત્યે બદલો લેવાની ઈચ્છા રાખો છો ?
૮.કોઈએ ખરાબ વર્તન કર્યું હોય તો એમ શા માટે બન્યું અને તમે જ્યાં કામ કરો છે,ત્યાં તમારા પ્રયત્નોની કદર નથી એવું તમને લાગે છે ?
૯. ઉપલા ૮ પ્રશ્નો બે ચાર વખત વાંચી જાવ અને પછી દરેકના નીચે પ્રમાણેની ફોર્મ્યુલા મુજબ માર્ક મૂકો.
A : અવાર નવાર- ૩ માર્ક
B : કયારેક કયારેક- ૨ માર્ક
C : ભાગ્યે જ - ૧ માર્ક

ઉપરના સવાલો તમારે તમારી જાતને જ પૂછવાના છે અને તેના જવાબો પણ પ્રમાણિકપણે તમે જ આપી ઉપલા ABC પ્રમાણે માર્ક મૂકો.

A જો તમારું ટોટલ ૯થી ૧૫ સુધી આવે તો તમે ખૂબ જ ક્ષમાશીલ-માફ કરવાવાળા, અને ઉદારદિલ છો. જેને અલ્લાહ બહુ પસંદ કરે છે.

B. જો ટોટલ ૧૬-૨૧ આવે તો તમે ઓછા માફી આપનારામાં ગણાશો. પરંતુ કિન્નાખોર નથી.

C. જો ટોટલ ૨૨-૨૭ આવે તો કિન્નાખોર સ્વભાવ કહેવાય જે અલ્લાહને પસંદ નથી અને જે અલ્લાહને પસંદ નથી તે કરતા રહીએ તો આખરે નુકસાન બધાને જ થવાનું. કિન્નાખોર સ્વભાવની વ્યકિત માટે હમણાં એક નવી શોધ ન્યુજર્સી, અમેરિકાના સાયોકોલોજિસ્ટ ડૉ. જોનસેને કરી છે. કિન્નાખોર સ્વભાવની વ્યકિતની માનસિક અને શારીરિક શકિત, હીણ થતી જાય છે. કારણ કે તે સતત અણગમો, ખીજ કે રોષ પ્રગટ કરતી રહે છે. અને પરિણામે તેની અંદર જ એક પ્રકારની ઘર્ષણની સ્થિતિ પેદા થાય છે. જેથી તે માનસિક તથા શારીરિક રોગનો ભાગ બને છે. માટે ચાલો આપણે કિન્નાખોર સ્વભાવ છોડી માફી બક્ષવાવાળા બનીએ અને અલ્લાહને ખુશ કરીએ.

**ડૉ. કે.આર.મોમિન "અશોક"**

## દસ્તક

મૂલ્ય સમજાય છે. જો કે સમજાય છે - એટલું સારું છે. કેટલાંકને તો એય નથી સમજાતું. વરસાદને હું મારું પ્રિયજન માનું છું. હું વરસાદની માશૂકા અને વરસાદ મારો પ્રિયતમ છે. બહારથી એ ભલેને વરસતો ન હોય, મારી અંદર તો એ વરસે જ છે. બહારથી એ ભલેને મને ભીંજવતો ન હોય, મને અંદરથી તો લથપથ કરી નાખે છે. એટલું ઓછું છે ! એને હું બહારથી ભલેને સ્પર્શી ન શકું - એજ મને અંદરથી સ્પર્શે છે એજ મારે મન સિદ્ધિ છે ને !

વૃક્ષ વગરનું જંગલ હોય, પાણી વગરનો કૂવો હોય, પણ વરસાદ વગરનો કોઈ માણસ ન હોય એટલી જ મારી પ્રાર્થના. બાકી, તો આ પડઘા વગરના શહેરમાં વરસાદનો અવાજ સાંભળવાની ફુરસદ પણ કોને છે?

જળના ભરોસે તો બધાય પોતાનાં વહાણ હંકારે, પણ રેતના ભરોસે વહાણ હંકારે ત્યારે ખબર પડે કે હંકારનારને પોતાના વહાણ પર કેટલી શ્રદ્ધા છે ! વિશ્વાસ વહાણ પર હોવો જોઈએ, જળ કે રેત પર નહીં. વિશ્વાસ આકાશ પર હોવો જોઈએ, વરસાદ પર નહીં, આકાશ સચવાયું હશે તો આજે નહીં તો કાલે - વરસાદ આવશે જ. વરસાદ એટલે આકાશના આંગણામાં ઉગેલું ભીનાશનું વૃક્ષ:

"શબ્દપ્રીત" સાચું જ કહે છે:

**શરૂમાં તો ઉગાડે છે મને ખુદના જ ખેતરમાં**
**પછી લઈ હાથમાં કરવત, ક્ષણેક્ષણ કાપતાં રહે છે**

**ટહુકો**

**કૌન હૈ જો યે મોઅમ્મા હલ બ-આસાની કરે,**
**ઐસા પાની હૈ કહાં જિસસે વુજૂ પાની કરે;**
**તૂ પયગમ્બર હૈ તો કોઈ મો'નિઝા ભી પેશ કર,**
**હોઠ સજદોં કે હિલે ઔર બાત પેશાની કરે;**

**- શમ્સ કુરેશી**

## રૂબરૂ

રીતે વધારે પડતા સૈન્ય ક્ષમતા નિર્માણને નિયંત્રણમાં લેવાના સૂચનો આપશે.

અંતે, બન્ને દેશોને સમજાઈ ગયું છે કે સારા સંબંધો સ્થાપવા માટે જનતાથી જનતા વચ્ચેનો સંપર્ક જરૂરી છે. તેથી જ બન્ને દેશો વચ્ચે વીઝા નીતિ હળવી બનાવવાનો તથા હાલ બિલકુલ નજીવા એવા વ્યાપારને વધારવાના પ્રસ્તાવ છે. જો બન્ને દેશો સીરક્રિક મુદ્દે થઈ ગયેલી મનાતી સમજૂતીને અમલમાં મુકવા તૈયાર થશે તો તેઓ વિદેશ સચિવોએ કરેલી સારી શરૂઆતને મજબૂત બનાવશે. બન્ને દેશોએ અત્યાર સુધીમાં આ નિષ્કર્ષ પર પહોંચી જવું જોઈતું હતું કે શાંતિ તથા મૈત્રીનો કોઈ વિકલ્પ નથી.

## રાજનીતિના રંગરાગ

પ્રવેશ સમારોહમાં ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પૂર્વપ્રમુખ રાજનાથસિંહ અને વરિષ્ઠ નેતા અડવાણી હાજર રહ્યા ન હતા, તે સૂચક છે. પુનઃ પ્રવેશ પછી તરત જ ઉમાભારતીએ હિન્દુત્ત્વ અને ભવ્ય રામમંદિર નિર્માણની યાદ તાજી કરાવી છે. આ બાજુ કોંગ્રેસનો બધો મદાર રાહુલ ગાંધી પર છે. માયાવતી સરકારે ગ્રેટર નોઈડા ખાતે જમીન અધિગ્રહણ સામે આંદોલન ચલાવી રહેલા ખેડૂતો પર જે "અત્યાચાર" ગુજાર્યા, તેને રાહુલ ગાંધીએ અત્યંત મહત્ત્વનો મુદ્દો બનાવ્યો છે. ઉત્તરપ્રદેશમાં કાયદો- વ્યવસ્થા પડી ભાંગ્યા છે અને "જંલનો કાનૂન" પ્રવર્તે છે, એવો જોરદાર પ્રચાર મારો શરૂ કર્યો છે, તેમાં બાકીનાં બધા પક્ષો જોડાયા છે. રાહુલ અને માયાવતી વચ્ચે ભલે શાબ્દિક યુદ્ધ ચાલતું હોય પણ કેન્દ્ર કક્ષાએ મનમોહન સરકારને માયાવતીનો ટેકો છે. બીજી બાજુ કોંગ્રેસ મુલાયમસિંહ પર બહુ પ્રહાર કરતી નથી. મુલાયમસિંહનો મુખ્ય ચિંતા પોતાના પક્ષને ઓર મજબૂત કેવી રીતે કરવો તેની છે. તેમના પ્રહારનું મુખ્ય લક્ષ્યાંક માયાવતી છે, અને ક્યારેક તેઓ ભાજપને પણ નિશાન બનાવે છે. ૨૦૧૨ની ચૂંટણી મુલાયમસિંહ માટે અત્યંત મહત્ત્વની છે. છેલ્લી બે ચૂંટણીઓમાં થેયલ સતત હારને કારણે પક્ષના બીજી કક્ષાના નેતાઓ અને કાર્યકરોમાં હતાશાની લાગણી ફલાય તે સ્વાભાવિક છે. ૨૦૧૨ની ચૂંટણી પૂરતી ગુજરાત વિષે ભાજપને કોઈ ચિંતા નથી. જયાં સુધી નરેન્દ્ર મોદી "ડ્રાઈવરની સીટ" પરથી સ્વેચ્છાએ નીચે ન ઉતરે, ત્યાંથી તેમને કોઈ હટાવી શકે તેમ નથી. ગુજરાત કોંગ્રેસ આગામી ચૂંટણી (૨૦૧૨) માટે મુખ્યપ્રધાન પદ માટેના ઉમેદવાર તરીકે કોઈ નેતાને પ્રોજેક્ટ કરી શકતી નથી. હવે ચૂંટણીઓ ભલે પક્ષો વચ્ચે લડાતી હોય પણ વ્યવહારમાં તો કોણ મુખ્યમંત્રી બનસે, તે ધ્યાનમાં રાખીને લડાતી હોય છે. ૨૦૧૨માં ગુજરાતમાં ભાજપને વિજય અપાવ્યા બાદ નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્તરે મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ, એવી માંગણી થાય તો નવાઈ નહીં !

આ તો ૨૦૧૨ની વાત છે, દરમિયાન શું થાય છે, તે વિષે કંઈ પણ કહેવું મુશ્કેલ છે. યુપીએ-૨નાં બે વર્ષ પૂરાં થયાં છે, હજુ લોકસભાની ચૂંટીણીને ત્રણ વર્ષની વાર છે. એ ત્રણ વર્ષોમાં ઘણું બધું બની શકે, એક શક્યતા મધ્ય સત્રી ચૂંટણીની પણ ખરી !

## સ્વાસ્થ્ય

કે બે ચેનલ એવી જોવા મળે છે કે જે બીજાને હસાવવાનો હેતુ રાખે છે. ગત વર્ષોમાં કેટલાય રિયાલીટી શો આવ્યા જે બીજાઓને હસાવીને પૈસા કમાતા હતા. પરંતુ; તે ધારાવાહિકોથી અનુમાન કરી શકાય છે, કે તેઓને હસવું અને હસાવવામાં અને રડવું અને રડવાવાળાઓની તુલનામાં વધારે મહેનત કરવી પડે છે.

જો કે આજે આપણને હસવું ખૂબ જ મુશ્કેલ લાગે છે. પરંતુ ; એ સાચું છે કે હસવું એ મુશ્કેલ કામમાંથી એક છે. કોઈ જૂની અને સારી વાત યાદ કરીએ તો અચાનક ચહેરા પર હસી છવાઈ જાય છે. કોઈ જોક્સને વાંચીએ તો હસી આવી જાય છે. હસવું આપણા શરીર માટે જ પરંતુ ; આપણા માનસિક સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ છે. આપણું શરીર ત્યારે જ સ્વસ્થ અને તંદુરસ્ત રહી શકે છે. જયારે આપણું મન પ્રસન્ન રહે છે.

આપણે ઘણીવાર નાના-નાના બાળકોને જીવનના મોટા-મોટા પાઠ શીખવાડતા હોય છે. સફળતા નિષ્ફળતાના મુદ્દા સમજાવીએ છીએ. હકીકતમાં આપણે બાળકો પાસેથી શીખવું જોઈએ કે આખો દિવસ તેઓ હસતા કેવી રીતે હશે ? તેઓના ચહેરાની નિર્દોષ હસી એ દર્શાવે છે કે તેઓ કેટલા સાફ મનના છે. આ વાત આપણે બાળકોથી શીખવી જોઈએ અને સુખ દુઃખમાં હસતા રહેવું જોઈએ.

## પડઘા ડૂબી ગયા

કોઈ માર્ગ ન હતો સિવાય કે... હું વિચારી ન શકી. રસ્તા પર ચાલતી રહી. હૈયાના છાના ખૂણે રડતી રહી. મારી કિસ્મતને કોશતી રહી. એકાદ બે કલાક બાદ હોસ્પિટલમાં પહોંચી મેં મારા પતિની પથારી આગળ પગ મૂક્યા. એમનું આખું અંગ મૃત્યુના મહાસાગર મને કમને, અકાળવયે ડૂબી રહ્યું હતું.

ત્યાં તો ડોક્ટર આવ્યા.

"દવાઓ લાવી દીધી ?"

ડોક્ટરે તો આવતા વેત સવાલ પૂછ્યો.

હું ચૂપ રહી.

ડોક્ટરના મોંઢાના ભાવ બગડ્યા.

"દવાઓની કેટલી જરૂરત છે એ તમે શું જાણો..."

મેં સાંભળ્યું. તમારા કરતા મારે કેટલી બધી જરૂરત છે. પણ... હું વિચારી શકી નહીં. ડોક્ટરે ફરીથી તાકીદ કરી. પછી ચાલ્યા ગયા. હું પલંગ પાસે ઊભી ઊભી રોઈ પડી. દુનિયામાં બધા સંબંધો પાછળ છૂપાઈ રહેલી શઠતાનો મને પરિચય થઈ ગયો.

હવે મૃત્યુ સિવાય કોઈ આરો નહોતો. ઘડીયાળમાં ડંકા વાગ્યાં. હોસ્પિટલના શોરબકોરમાં એ અવાજ ડૂબ્યો.

એમના મોંમાથી ફીણનો ગોટો બહાર આવ્યો હું ચોંકી મારી આંખોમાંથી આકાર વિનાનો ભય દૂર જઈને પટકાઈ પડ્યો. પાસે પડેલો ગાભો ઉઠાવ્યો. લૂછી નાખ્યો. ફીણના ગોટામાંથી નરી ગંધ જ આવતી હતી. મેં વધુ એકવાર એમના ચહેરા પર હાથ ફેરવ્યો. જીવ્યા ત્યાં સુધી તો બધાની સાથે "સંપ સહકાર અને ઘસાઈ જવાનો મંત્ર કેળવ્યો. પણ... મારી આંખોમાંથી એક આંસું દડી પડ્યું. મેં દાંત ભીસ્યા."

ખરે વખતે તો મોટાભાઈએ પણ પીઠ ફેરવી દીધી હતી. બલ્કે કહ્યું હતું કે એને તો આવાં નાટક સારા આવડે છે.

આ તમને નાટક લાગે છે ? પૂછવા જતી હતી પણ પ્રશ્ન જ આપોઆપ કોકડું વળી ગયો.

સાંજ થઈ.

ડૂબવાની રાહ પર પહોંચેલા સૂર્યના કિરણો ઝાંખા થવા માંડ્યાં. પડછાયા લંબાઈ જવા માંડ્યા. સઘળે ઉતરી જતા દિવસની ધૂમાડામિશ્ર ધૂંધ ફેલાવા લાગી.

આંચકો આવ્યો. મેં જોયું. ચોકી ઊઠી. ડોક્ટરને બોલાવા જતી હતી પણ.. મને કમને મારા પગ બંધાઈ ગયા.

પાછી નર્સ આવી.

"દવાઓ લાવ્યા ?" એણે પૂછ્યું.

મેં નર્સ સામે જોયું.

"લેવા ગયા છે" હું સાવ જૂઠ્ઠું બોલી.

"કેવા માણસ છો તમે?... અહીં દર્દીનો જીવ"... નર્સ બોલી નહીં.

મેં મારા દાંત ભીસ્યા. પછીની ક્ષણે હું રોઈ પડી.

અને હું કાયમને માટે રડતી અવસ્થામાં આવી પડી.

દાંમ્પત્ય જીવનમાં આકાશમાંથી પતિ રૂપે તારલો ખરી પડ્યો. મારી આંખોમાં આંસુઓ મૂકીને.

હું ક્યાંય સુધી રડી.

હું ક્યાંય સુધી રડતી રહી...

જિંદગીની એ ઘટના હૈયાના ખૂણે ખૂણામાં ચોંટી ગઈ. દવા વિના, પૈસા વિના મારા પતિનું મૃત્યુ... હું પણ દુનિયા ટૂંકાવી દેત પણ મારા પુત્રને લીધે રોકાઈ ગઈ.

આજે ઘણીવાર મારા જેઠ જેઠાણી મારા ઘેર આવીને કહે છે - તારે કોઈ વાતે ગભરાવું નહીં. અમે તારા માટે જ છીએ...

હું પીઠ ફેરવી દઉં છું. પછી કહું છું.

તમે કોના માટે નથી ?...

## જીવન દર્શન

"પંડ ઢાંકવા લૂગડું નથી."

દેવરાજ ધ્રુજી ઉઠ્યો... આ... આ દશા મારા મલકની... આ દશા એ નારીની કે જે નારી બાવડાં તોડી કામ કરાવા માગે છે. આ આઝાદી મારા દેશની કે આટલાં વર્ષે પણ આસમાની આપત્તિ સામે ટકી રહેવા કે લાજ ઢાંકવા એક સ્ત્રી પાસે પૂરતું વસ્ત્ર પણ ન હોય !

આ હતી તાકાત દિલીપ રાણપુરાની એમના અવસાન પછી ધોધમાર વરસાદ વચ્ચે દિલીપ ભાભુને અગ્નિદાહ અપાયો ત્યારે ગુજરાતભરના દૂર દૂરના ગામોમાંથી અસંખ્ય માનવી આવ્યા હતા. એમને બેસણે ગણ્યા ગણાય નહીં એટલાં માનવી ઉમટ્યાં હતા.

જેમ દિલીપ રાણપુરા આમ આદમી સાથે જોડાયેલા હતા. તેમ "ગુજરાત ટુડે" દૈનિક પણ સામાન્ય માનવીના સમાચારો, તેમની સમસ્યાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડે છે. આ જ કારણ હતું કે "ગુજરાત ટુડે" અને દિલીપભાઈનો સંબંધ ઘણો લાંબો ચાલ્યો. એમના શ્વાસ ચાલ્યા ત્યાં સુધી તેમની કલમ "ગુજરાત ટુડે"ના માધ્યમથી લોકોની લાગણીઓને વાચા આપતી રહી.

# જીમેટ પર પસંદગી ઉતારતા વધુને વધુ વિદ્યાર્થીઓ

**કારકિર્દી**

ધ ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટ(જીમેટ)ના સ્કોરને સમગ્ર વિશ્વમાં પાંચ હજારથી પણ વધારે બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામે સ્વીકાર્યો છે, એમ જીમેટની માલિકી ધરાવતી ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ(જીમેક)નું કહેવું છે. પાંચ વર્ષ પહેલા ૩૮૦૦ પ્રોગ્રામ્સ જીમેટના સ્કોરનો ઉપયોગ કરતાં હતા હવે વર્તમાન સંખ્યાને આધાર ગણીએ તો તેમાં ૩૧ ટકા ઉછાળો આવ્યો છે. તેની પાછળનું કારણ એ છે કે એશિયા અને યુરોપમાં આ પ્રોગ્રામનો ઉપયોગ વધ્યો છે. જીમેકના પ્રેસિડેન્ટ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડેવ વિલ્સને જણાવ્યું હતું કે જીમેટ પર આધારિત કાર્યક્રમમાં થયેલી નાટકીય વૃદ્ધિનું કારણ તેના મજબૂત પરીક્ષણની અધિકૃતતા, વિશ્વસનીયતા અને સલામતી તેનો હોલમાર્ક બની ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે અમે વિશ્વ સ્તરે અમારા ટેસ્ટ સેન્ટરોના નેટવર્કમાં વ્યાપક વિસ્તરણ કરીની અમારી વધતી જતી માંગને સંતોષવા કામ કરી રહ્યા છીએ, જેથી ઉમેદવાર વર્ષ દરમિયાન ગમે ત્યારે જીમેટમાં બેસી શકે.

જીમેટનો વિશ્વ સ્તરે ઉપયોગ વધી રહ્યો હોવાથી જીમેકનું સભ્યપદ મેળવવા માંગતી શાળાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે, જેમાં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ, સ્ટેન્ફોર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલી, લંડન બિઝનેસ સ્કૂલ, વ્હાર્ટન સ્કૂલ, ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ, ઇનસીડ અને હોંગકોંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

નવી હિલચાલ

ડિસેમ્બર ૨૦૧૦માં જીમેકની સભ્ય સંખ્યા ૧૭ હતી, જે હાલમાં ૨૦૦ છે. તેમાના ૭૫ ટકા સભ્યો અમેરિકાની બહારના છે. તેમા એશિયા અને ઓસ્ટ્રેલિયાના છનો સમાવેશ થાય છે. ટેસ્ટ એડમિનીસ્ટ્રેટિવ એન્ડ ડેવલપર, પીયરસન વીયુઈ અને એક્ટની સાથે જીમેક ટેકનોલોજીનો ઉપયોગ કરીને જીમેટમાં વધુને વધુ નવીનતા લાવી રહી છે.

- તેના નવા સેકશનમાં જોઈએ તો જીમેટના નવા ઈન્ટિગ્રેટેડ રિઝનિંગ સેકશનનો સમાવેશ થાય છે, જેનો જુન ૨૦૧૨માં સમાવેશ કરવામાં આવશે.

- છેલ્લા પાંચ વર્ષમાં જીમેટના કેન્દ્રોની સંખ્યામાં ૮૭ ટકાનો વધારો થયો છે. ૨૦૦૬માં ૯૬ દેશોમાં તેના ૪૦૦ કેન્દ્રો હતા અને ૨૦૧૧માં આ આંકડો વધીને ૧૧૦ દેશો અને ૫૫૦ કેન્દ્રોનો થયો છે.

- જીમેક હવે લંડન, નવી દિલ્હી અને હોંગકોંગમાં તેની કચેરીઓ ધરાવે છે. આ ઓફિસો નવા ખાસ કાર્યક્રમો વિકસાવે છે અને તેની આ પહેલા સ્કૂલો અને બજારોમાં ટેસ્ટ ટેકરો માટે એકદમ અનુરૂપ હોય છે.

નવા સભ્યો

ડિસેમ્બર ૨૦૧૦થી તેમાં બીજી ૧૮ સ્કૂલો દાખલ થઈ છે. તેમાં ભારતની ગ્રેટ લેક્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ, એનએમઆઈએમએસ યુનિવર્સિટી અને એસપી જૈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચનો સમાવેશ થાય છે.

# શરીરની સુંદરતાને ટકાવી રાખવા 'ફિલર' થેરાપી

"તમારા કરચલીવાળા ઘૂંટણો, છાતીનું ઢીલાપણુ અને હાથની સપ્ફાઈને પળવારમાં દુર કરે!" આવી જાહેરાતો જ આપણને ચમત્કાર શક્ય છે તેવું માનવા તરફ દોરે છે અને ફરી યુવાવસ્થાનું શરીર મેળવવાની ખેવના રાખનાર ગમેતેને પોતાના સકંજામાં કસી શકે છે. આદિઅનાદિ કાળથી આપણે, ખાસકરીને મહિલાઓ પોતાનું સૌંદર્ય અને યુવાની ચિરકાલીન ટકાવી રાખવા મથતી રહે છે. પરંતુ વાસ્તવિકતા ઘણી પીડાદાયક હોઈ શકે છે. મહિલાઓ પોતાના શરીરના તમામ અંગોમાંથી ચહેરાની રખાવટ પાછળ સૌથી વધુ સમય ફાળવે છે. પોતાની અણીદાર હડપચી, કરચલી વિનાના સપાટ કપાળ અને અણીયારી આંખો, રસીલા હોઠો વિગેરેને યથાવત રાખવા ગમે તે કરી છૂટે છે. ચહેરાની સુંદરતાને ટકાવી રાખવાની વાત હવે જૂની થઈ હોવાથી શરીરના બીજા અંગે પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. ઘણી મહિલાઓને પણ એ વાતનો અહેસાસ થઈ રહ્યો છે કે તેમના ચહેરાની સુંદરતાને અનુરુપ તેમના શરીરના બીજા અંગો નથી રહ્યા. હવે વધુને વધુ મહિલાઓ પોતાના ચહેરાની રખાવટ ઉપરાંત હાથની કરચલીઓ, ઢીલી છાતી, વળેલા પગ, નબળા પગ, પેટ ફૂલી જવું અને ગળું પડી જવા જેવી બાબતો સ્ત્રીઓ માટે ચિંતાનો વિષય બની ગયો છે.

સુંદરતા અને નિખાર મેળવવાની અદમ્ય ઈચ્છા ઘણું કરાવે છે અને આ કારણથી જ બાળસહજવૃત્તિ યથાવત રહે છે. આમાં નવી પ્રોડક્ટ હાયલુરોનિક એસિડયુક્ત કલોન છે, જે કરચલીઓને દૂર કરવામાં અકસીર હોવાનો દાવો કરવામાં આવે છે. આનાથી ચહેરા પરની કરચલીઓ દૂર કરીને ત્વચાને વધુ યુવા બનાવવાનો દાવો કરાય છે. આ સામગ્રીને જે ભાગને ચુસ્ત બનાવવો હોય ત્યાં ઈન્જેક્ટ કરાય છે અને આનાથી તમામ પ્રકારની કરચલીઓ દૂર થવાનો તેમજ ઢીલી ત્વચા કડક થવાનો દાવો કરવામાં આવે છે. આ માટે ઉપયોગમાં લેવાતા ઈન્જેક્શનોને બોડી ફિલર્સ તરીકે ઓળખવામાં આવે છે.

આપણે ભલને ગમેતેટલી કસરત કે કેલરી કંટ્રોલનો કાર્યક્રમ કેમ અપનાવતા ન હોઈએ પરંતુ આપણે સારી રીતે જાણીએ છીએ કે સમતોલ આહાર લેવાથી અને કસરત કરવાથી જ ઢળતી ઉંમરની સમસ્યાને આપણે દૂર નહીં કરી શકીએ. આપણી જીવનશૈલી પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. આપણી ખાણીપીણી અને જન્મજાત લક્ષણોને કારણે કરચલીઓ અને બીજી ઢળતી ઉંમરની નિશાનીઓ તો જોવા મળવાની જ. જો કે, અહીં બધું આપોઆપ ખતમ નથી થઈ જતું અને એક સિરિન્જ આપણા શરીરમાં ભોંકીને આપણે લુપ્ત થયેલી સુંદરતાને ફરી પાછી મેળવી શકીએ છીએ.

હાયલુરોનિક એસિડ એક પ્રકારનું જેલ જેવું દ્રવ્ય છે જે આપણી યુવાવસ્થા દરમિયાન શરીરમાં ખૂબ પ્રમાણમાં જોવા મળે છે પરંતુ વધતી ઉંમરે આ દ્રવ્ય નષ્ટ થાય છે. આપણે બે આંગળા વચ્ચેની ચામડીને દબાવીને અનુભવી શકીએ છીએ કે યુવાવસ્થામાં ચામડી પહેલા જેવી સ્થિતિમાં તુરત પહોંચી જાય છે, પરંતુ વૃદ્ધોમાં આ સ્થિતિએ પહોંચતા ઘણો સમય લાગે છે. દા.ત. ૫૦ વર્ષની ઉંમરે આપણા શરીરમાં માત્ર ૫૦ ટકા જેટલું જ હાયલુરોનિક એસિડ બચેલું હોય છે. આપણા ચહેરાની સરખામણીએ શરીરને યુવા અને તરોતાજા દેખાડવા માટે ખૂબ મહેનત કરવી પડે છે કારણ કે ચહેરાની સરખામણીએ શરીરને વધુ ફિલરની જરુર પડે છે. જાણીતા સોંદર્ય સલાહકાર પૂનમનું કહેવું છે કે, "કોઈ મહિલાને કાંઈ જોઈતું હોય તો તે માત્ર સમય વીત્યા પછી જ અનુભૂતિ થાય છે અને તેને પછી આ મેળવવાનો પ્રયાસ કરતા કોઈ રોકી શકે તેમ નથી." શરીર સૌષ્ઠવ કોઈપણ મહિલા માટે સૌથી વધુ અગત્યનું હોય છે. અનિતા નામની એક મહિલાને ત્રણ સંતાન છે અન તે જાણીતી વકીલ પણ છે. આમછતાં તે પોતાના ચહેરાની સુંદરતાથી ખુશ નથી. તેણે પોતાના ચહેરાને તરોતાજા અને સુંદર બનાવવા માટે બોટોક્સના ઈન્જેક્શન લીધા હતા અને તેને લાગતું હતું કે તેના ચહેરાની કરચલીઓ અને ઢીલા સ્તનને કારણે તેની સુંદરતા ખતમ થઈ ગઈ છે. આ ઉપચાર કરાવ્યા બાદ તે ખુબ સંતુષ્ઠ છે. તેને એ વાતનો આનંદ છે કે તે આજે નવા શરીરને પ્રાપ્ત કરી શકી છે અને તેની ત્વચા ખરેખર ચુસ્ત બની ચૂકી છે. સિરિન્જ વડે દ્રવ્યને ઈન્જેક્ટ કરવાથી જે-તે ભાગને જ લક્ષ્ય બનાવી શકાય છે જે ઢીલા પડી જાય છે. આ પ્રકારનો ઉપચાર કરાવવા બાબતે મહિલાઓને સૌથી વધુ સંતોષ અને આનંદ એ વાતનો છે કે, તેનાથી માત્ર એક જ વખતમાં બધી અસર નથી આવી જતી. એક મહિનાના અંતરાયે ત્રણ વખત ઉપચાર કરાવવાનો રહે છે અને તેના થકી સ્ટીમ્યુલેટ કોલન ઉત્પાદની પ્રક્રિયા આરંભવામાં આવે છે. આ ઉપચારના લક્ષણો થોડાક સમય પછી દેખાવા માડે છે અને એટલા ઝડપથી પણ હકારાત્મક પરિવર્તનો નથી આવતા કે કોઈને એવું લાગવા માંડે કે જે-તે મહિલા દ્વારા કોઈ ઈન્જેક્શન થેરાપીનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. સોનિયા આ વાત સાથે સહમત છે. તે કહે છે કે, "હું આ થેરાપી લઈ રહી હતી ત્યારે મારી એકપણ સખીને તેના વિષે માહિતી નહોતી અને હવે બધા એવી ટિપ્પણી કરવા લાગ્યા છે કે હું એકાએક આટલી સુંદર કેમની થઈ ચૂકી છું. તેમને તો એવું જ લાગ્યું હતું કે મેં ડાયેટિંગની કોઈ નવી પદ્ધતિ અપનાવી છે."

હું જે પણ મહિલાઓને મળી તેમણે તેની કિંમત યોગ્ય હોવાનું કહ્યું. ઊલટાનું શરીરને ફરી તરોતાજા કરવાનો દાવો કરતા સ્ક્રબ, એન્ટિ-એજિંગ ક્રીમ અને વન્ડર સિરમ જેવી પ્રોડક્ટની સરખામણીએ બોડી ફિલર ખરેખર અદ્‌ભુત પરિણામો લાવી શકે છે અને તેના પરિણામો ખૂબ ઝડપી કે નાટ્યાત્મક રીતે પણ નથી આવતા. ઘણા લોકો એ કબૂલે છે કે કોઈપણ ક્રીમ કે સ્ક્રબ થકી ચહેરાની ગયેલી સુંદરતા પાછી લાવી શકાતી નથી. સ્ત્રીઓને તો અત્યારે તાત્કાલિક પરિણામો જોઈતા હોય છે. આ બધા પ્રયાસો કામચલાઉ હોવા છતાં તેને અપનાવવાનો છોછ ત્યજવાનો સમય પાકી ગયો છે. આમ નહીં થાય તો ચહેરાની ગુમાવેલી સુંદરતા ફરી કદી પ્રાપ્ત કરી શકાશે નહીં. એવું લાગે છે કે હવે તો શરીરની લવચિકતાને ટકાવી રાખવા સિરિન્જ જ એકમાત્ર ઉપાય છે જે આપણી યુવાનીને ખરેખર ચિરકાલીન બનાવી દેશે.